## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અહી, કાયદો એવો લાગે છે નહીં ?! કે ભુખે મરી જાઈ તેમાં કોઈનો ગુનો ન બને...!!





# સે-૪માંથી વધુ ૨૭ ઝુંપડાઓ ઉખાડી ફેંકાયા

પાટનગરમાં ઠેર ઠેર ઉભા થયેલા સેંકડો દબાણયુકત ઝુંપડાઓને હટાવવા મનપા કમિશનરની સુચનાને પગલે દબાણ અધિકારીનો ચાર્જ સંભાળનાર ફાયર ઓફીસર મહેશ મોડે સપાટો બોલાવવાનું ચાલુ રાખ્યું છે. ગઈ કાલે સે-૨૦, ૨૩ અને સે-૨૮માં ઝુંપડાઓ હટાવ્યા બાદ આજે સે-૪માંથી વધુ ૨૭ ઝુંપડાઓ ઉખાડી ફેંકયા છે. ઓફીસર મહેશ મોડના જણાવ્યાનુસાર આગામી સપ્તાહમાં ઝુંપડા હટાવવાનું મેગા ઓપરેશન હાથ ધરવામાં આવનાર છે. નગરજનો દ્વારા વ્હોટસએપ પર આવતી ફરિયાદોનો તબક્કાવાર નિકાલ કરાઈ રહ્યો છે. આગામી સપ્તાહમાં ટાર્ગેટ મુજબ ઉપરોકત મોટા ભાગની ફરિયાદોનો નિકાલ કરવા કવાયત હાથ ધરાશે.

# એસએસવી કેમ્પસનું ગૌરવ

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત ચેસ ટૂર્નામેન્ટનું આયોજન શ્રી સ્વામિનારાયણ ધામ ખાતે થયેલ. જેમાં એસએસવી કેમ્પસ સે-૩ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અન્ડર-૧૯માં પટેલ આદિત્ય એમ. જિલ્લામાં ત્રીજા ક્રમે તેમજ અન્ડર-૧૭માં છોકરીઓમાં કૃપા કે. કામાણીએ પ્રથમ નંબર મેળવ્યો હતો. બંને વિદ્યાર્થી રાજય માટે પસંદગી પામેલ છે. ટ્રસ્ટી ગણ તેમજ પ્રિન્સિપાલ યોગેશભાઈ રાવલે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર દલિત સેના દ્વારા રાજ્યપાલને ઉનાના બનાવને મામલે આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૩

ઉના તાલુકાના મોટી સમઢીયાળા ગામના દલિતો પર થયેલ અત્યાચાર મામલે દલિત સેના દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ઉનાના મોટી સમઢીયાળા ગામે થોડા દિવસ અગાઉ કેટલાક ગૌરક્ષકોએ નિર્દોષ દલિત યુવાનોને ઢોર માર મારી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો તે મામલે સમગ્ર દલિત સમાજમાં રોષ ફેલાયો છે. ત્યારે દલિત અત્યાચાર મામલે દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, દિનકર પરમાર, ડી.બી. પરમાર, પ્રહલાદભાઈ ચૌહાણ, ભગવતીબેન, મીનાક્ષીબેન સહિતના આગેવાનો રાજ્યપાલને મળી આવેદનપત્ર આપ્યુ હતુ અને કાર્યવાહી કરવા માંગ કરી હતી.



વાસણ ગામની માધ્યમિક શાળા ખાતે ગાયત્રી પરિવારના ઉપક્રમે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લીધો હતો.

# ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચે ઉનાકાંડની ઘટનાને વખોડી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતના ઉના પાસેના મોટા સમઢિયાળા ગામે થયેલ જધન્ય દલિત અત્યાચારની ઘટનાએ સૌ સંવેદનશીલ નાગરિકોને ભારે હતપ્રત કર્યા છે અને એક રીતે દલિતોના માનવ અધિકારો પરનો આ હિંસક અને નીંદનીય કુઠારાઘાત છે ત્યારે ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચ પણ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢીને તેના જવાબદારો સામે કડક પગલા લેવાની માંગ કરે છે. સમાજ વ્યવસ્થાના ભોગ બનેલા આ દલિતોને અપરાધી ઠેરવવાની દુષિત માનસિકતાનો વિરોધ કરીને ભોગ બનેલા સમઢિયાળાના દલિતોની પીડામાં સહભાગી બની, ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચના પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર, ચંદુ મહેરિયા, રમણ વાઘેલા, પ્રવીણ શ્રીમાળી, નટુભાઈ પરમાર સૌએ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે સતર્ક અને સજાગ રહેવા સરકારને અનુરોધ કર્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના સામાન્ય વહીવટ વિભાગે ત્રણ નાયબ સચિવની બદલી સાથે ૧૩ જેટલા ઉપસચિવોને નાયબ સચિવોને બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

● ગાંધીનગરનો યુવા કલાકાર પ્રેમ ગઢવી આજથી લાઈફ ઓકે પર શરૂ થઈ રહેલી સિરીયલ મજાક-મજાકમાં પોતાનો અભિનય આપી રહ્યો છે. આ ચેનલ પર તેની બીજી સીરીયલ છે.

● આજે ક્રાંતીવીર આઝાદ ચંદ્રશેખરનો જન્મ દિવસ હતો. આજથી રેડિયો બ્રોડ કાસ્ટિંગની શરૂઆત પણ થઈ હતી.

● ગાંધીનગર જિલ્લાના ખોરજ-રાજપુર ગામમાં હવે એલઈડી લાઈટો ઝળહળી ઉઠશે. સાંસદ પરેશ રાવલે આદર્શ ગ્રામ યોજના અંતર્ગત આ માટેની ગ્રાન્ટ પણ ફાળવી આપી છે.

● ગાંધીનગરમાં વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં તેમજ વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલ વિસ્તારમાં સફાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા સામે લોકોમાં રોષની લાગણી જન્મી છે.

● રાજયના આરોગ્ય કમિશનર ગુપ્તા ગઈકાલે સાંજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા અને તેમણે અધિકારીઓ સાથે અહિ બેઠક પણ કરી હતી.

● ગાંધીનગર સ્વામિનારાયણ ગુરૂકુલના શ્રી હરિકેશવપ્રસાદ સ્વામીએ બાળકોને ગુરૂપૂર્ણિમામાં પેનની ભેટ વિદ્યાર્થીઓ આપે તેવી લાગણી વ્યકત કરી હતી.

# ચ માર્ગ પર ટેલીફોન એક્ષચેન્જ પાસે બે કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર આજે બપોરના સુમારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ચ-૩ તરફથી આવી રહેલી કારે ટેલીફોન એક્ષચેન્જ પાસે વળાંક લઈને સીધી થઈ રહેલી કારને જોરદાર ટકકર મારતા વેગનઆર કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોને ઈજા પહોંચતા ૧૦૮ મારફતે સિવિલ ખાતે લઈ જવાયા હતા. જયારે બંન્ને કારને ભારે માત્રામાં નુકશાન થવા પામ્યું હતું.

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો ગંભીર અકસ્માતો સર્જે છે. ત્યારે ઓછા ટ્રાફીક ધરાવતા ચ માર્ગ પર વાહન ચાલકો ધુમ સ્ટાઈલે ગાડીઓ દોડાવતા અકસ્માતોનું પ્રમાણ ચ માર્ગ પર વધવા પામ્યું છે. આ માર્ગો રજાના દિવસે સુમસામ હોવાથી વાહન ચાલકો ટ્રાફીકના નિયમોની ઐસીતૈસી કરીને વાહનો હંકારીને પોતના તેમજ અન્ય નાગરીકોના જીવ જોખમમાં મુકે છે. શહેરના ચ માર્ગ પર આજે બપોરના સુમારે ચ-૩ થી ચ-૫ તરફ સેન્ટ્રો કાર નં. જી.જે.૧.બી.કે.-૯૩૩૦ જઈ રહી હતી તે દરમિયાન ચ-૪ થી ચ-૩ તરફ જઈ રહેલી વેગરઆર કાર નં. જી.જે.૨.બી.ડી.ના ચાલકે અચાનક ટેલીફોન એક્ષચેન્જ પાસે યુ ટર્ન મારતા બંન્ને કાર ટકરાઈ હતી. સેન્ટ્રો કારની ટકકર વાગતા વેગનઆર કાર પલટી મારી ગઈ હતી. અકસ્માતનો જોરદાર અવાજથી આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા અને કારને સીધી કરીને અંદર બેઠેલા મુસાફરોને બહાર નીકાળ્યા હતા. કારમાં સવાર ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા.





બનાવને પગલે ચ માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. કાર ટકરાવાના તીવ્ર અવાજથી આસપાસના નાગરીકો પણ દોડી આવ્યા હતા. અને કારને ઉંચકીને સીધી કરીને મુસાફરોને બહાર નીકાળ્યા હતા.

# સિવિલ હોસ્પિટલમાં ટુંક સમયમાં જેનરીક દવાનો સ્ટોરનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટુંક સમયમાં જેનરીક દવાનો સ્ટોર ખુલશે.જિલ્લાભરમાંથી સિવિલ હોસ્પિટલમાં વિવિધ રોગની સારવાર અર્થે આવતા દર્દીઓ માટે સિવિલ સંકુલમાં જ જેનરીક દવાનો સ્ટોર ઉભો કરવામાં આવશે.આગામી એક માસમાં જેનરીક દવા લાભાર્થીઓને મળી રહે તેવા પ્રયાસો માટે તંત્ર દ્વારા કવાયત તેજ કરી દેવામાં આવી છે.જયારે તંત્રના અધિકારીઓ દ્વારા જગ્યાનો સર્વે પણ કરવામાં આવ્યો છે. દર્દીને સારી તેમજ સસ્તા ભાવે દવા મળી રહે તેવા ઉમદા હેતું થી સ્ટોરનો પ્રારંભ કરવામાં આવનાર છે તેમ તબિબિ અધિક્ષકે જણાવ્યું છે. જયારે જેનરીક દવાઓને લઈને કર્મચારીઓને અગાઉ જે સમસ્યા સર્જાતી હતી તેનુ નિરાકરણ પણ આવી જશે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટુંક સમયમાં જેનરીક દવાનો સ્ટોરનો પ્રારંભ થશે. આ જેનરીક દવાઓમાં કંપનીનું નામ કે ટ્રેડમાર્ક નહી આવે તેમજ કેટલીક દવાઓ પર કન્ટેન્ટ પણ લખેલુ જોવા મળશે. રાજયભરમાં આવેલ મેડીકલ

## યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કલેરીકલ સંવર્ગના કર્મચારી મંડળના હોદેદારો

ગાંધીનગર, તા.૨૩

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કલેરીકલ સંવર્ગના કર્મચારી મંડળના ૨૦૧૬-૧૭ વર્ષના હોદેદારોની વરણી કરવામાં આવેલ છે. પ્રમુખ - શ્રી ડી.એમ. પટેલ, ઉપપ્રમુખ - શ્રી જી.આર. રાવલ, મહામંત્રી - શ્રી જી.એચ. સોલંકી, ખજાનચી - શ્રી એન.પી. ત્રાંસદીયા, સહમંત્રી શ્રી આર.આ. ભાંભોર, સંગઠન મંત્રી શ્રી આર.એમ. દેસાઈ, શ્રી જી.એન. સોલંકી, શ્રી આર.ડી. લીંબાચીયા, શ્રી એન.આર.શેઠ, શ્રી આર.ડી. પરમારની નિમણુંક થયેલ છે.

શ્રી ડી.બી. મોરી, શ્રી એ.એસ. મોદી, શ્રી પી.સી. પટેલ, શ્રીમતી એચ.એસ. પટેલ, શ્રી પી.કે. ચૌહાણ, શ્રીમતી કે.બી. રાવલ કારોબારી સભ્યોમાં નિમાયા છે.

# એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનો પદગ્રહણ અને શપથવિધિ સમારોહ સંપન્ન



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં આજે પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ સંપન્ન થઈ ગયો. નાથીબા હૉલમાં આમંત્રિત મહેમાનશ્રીઓની ઉપસ્થિતિમાં શાળાના કેપ્ટન, વાઈસ કેપ્ટન ,સ્પોટ્ર્સ કેપ્ટન અને હાઉસ કેપ્ટન તેમજ વર્ગ પ્રતિનિધિઓનો પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ યોજાયો હતો . શાળાના પદગ્રહણ અને શપથ વિધિ સમારોહમાં આમંત્રિત મહેમાન યુ .એન. મહેતા હોસ્પિટલ ના બાળ હદય રોગ નિષ્ણાત શ્રી અમિત મિશ્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા . કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું .ત્યારબાદ શાળાના કેપ્ટન સ્મિત પંડયા ,હેતવી મકવાણા અને શાળાના વાઈસ કેપ્ટન નિશ્બાં મોહમ્મદ અને મહેશ ચૌધરી ને મહેમાનશ્રીએ પદગ્રહણ કરાવી બેચીસ અર્પણ કર્યા હતા .શાળાના ધો-૫ થી ૮ ના દરેક વિધ્યાર્થીને ગ્રીન હાઉસ ,રેડ હાઉસ , ઓરેંજ હાઉસ, યલ્લો હાઉસ અને બ્લૂ હાઉસમાં વહેચી તેના કેપ્ટનની નિયુક્તિ ગત અઠવાડિયે કરવામાં આવી હતી .જેમાં પસંદગી પામેલ હાઉસ કેપ્ટનને આજે પદગ્રહણ કરાવવામાં આવ્યા હતા . ગ્રીન હાઉસના કેપ્ટન તરીકે ત્રિવેદી આદિત્ય ,યલ્લો હાઉસના કેપ્ટન તરીકે હર્ષ પંચોલી ,ઓરેંજ હાઉસના કેપ્ટન તરીકે હની પટેલ ,બ્લૂ હાઉસના કેપ્ટન તરીકે પ્રતિક સુખડિયા અને રેડ હાઉસના કેપ્ટન તરીકે દિશા સોલંકી ની નિયુક્તિ કરી પદગ્રહણ કરૈવવામાં આવ્યું હતું . શાળા સફાઈ પ્રતિનિધિ તેમજ ત્રણ મજલાના પ્રતિનિધિઓને પણ આજના પદગ્રહણ સમારોહમાં શપથ લેવડાવ્યા હતા . અને સમગ્ર વર્ષ દરમિયાન યોગ્ય કામગીરી કરવા જણાવ્યુ હતું .આ પ્રસંગે ગત વર્ષના સ્કૂલ કેપ્ટન શ્રેય પ્રજાપતિએ પોતાના અનુભવો વ્યકત કર્યા હતા .નિયુક્ત પામેલા પ્રતિનિધિઓને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી .આ પ્રસંગે આભારવિધિ શાળાના એકિટવિટી ઈન્ચાર્જ સુખરામ એમ.ચૌધરીએ કરી હતી.

# કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા આજે ઉનાની મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રના મંત્રી પુરૂષોત્તમ રૂપાલા આવતીકાલે ઉના પીડીત પરીવારની મુલાકાત લેશે.

ઉનાના મોટા સામઢિયાળાના દલિત યુવાનો પર અત્યાચારની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યા છે. આ ઘટના બાદ રાજકારણ ગરમાયું છે. પીડીત પરીવારોને સાંત્વના આપવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ સામઢિયાળા ખાતે મુલાકાતે આવવા દોડ લગાવી છે.

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, આપના નેતા મુખ્યમંત્રી કેજરીવાલ, જેડીયુના શરદ યાદવ, સહીતના નેતાઓ સામઢિયાળા દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતના રાજયસભાના સાંસદ અને કેન્દ્રના રાજયમંત્રી પુરૂષોત્તમ રૂપાલા પણ આવતીકાલે ઉનાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ સામઢિયાણા ખાતે જઈ પીડીત પરિવારોને મળશે.

## જે.એમ. ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

શ્રી જે.એમ. ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ, સેકટર-૭, ગાંધીનગર ખાતે ગત તા. ૧૯ જુલાઈ-૨૦૧૬ના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુરૂવંદના, ગુરૂદત્તાત્રેય, વેદવ્યાસ વગેરે ગુરૂઓનો ગુરૂમહિમા સમજાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુરૂજનોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરૂજીની મહત્તા અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

## રાષ્ટ્રભાષા કોલેજ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

અમદાવાદની એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા વિનયન અને વાણીજ્ય મહા વિદ્યાલયના એનએસએસ વિભાગ દ્વારા ગોપાલનગર વિદ્યાલયમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ગોપાલનગર વિસ્તારના વસાહતીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. મેડીકલ ઓફિસર ડૉ. કૃપા દેસાઈએ પોતાની સેવા આપી હતી જ્યારે દિપક મેડિકલ સ્ટોર દ્વારા બિમાર વસાહતીઓ માટે નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પમાં ૫૦ જેટલા રહિશોએ લાભ લીધો હતો. આ શિબિરમાં એનએસએસના વિદ્યાર્થીઓ અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાગીરથી ભટ્ટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## શ્રેયસ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા વરસોડા ખાતે પર્યાવરણ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

શ્રેયસ ગ્રામ વિકાસ ટ્રસ્ટ પેથાપુર દ્વારા વરસોડા ગામે પ્રશિક્ષણ શિબિરનું આયોજન તા. ૨૨ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કોલેજમાં અભ્યાસ કરતી ગામની યુવતિઓને પર્યાવરણનું મહત્વ અને વૃક્ષોનું જીવનમાં શુ મહત્વ છે તેની સવિસ્તાર માહિતી પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ગામમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. શ્રેયસ ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ઘનશ્યામસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓને વૃક્ષોનું જતન કરવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ પર્યાવરણ અંગે યોજાયેલ પ્રશિક્ષણ શિબિરમાં ગામની યુવતિઓ સહિત ગામના વડીલો, આગેવાનો, સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ઉના અત્યાચારી બનાવને ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિએ વિરોધ દર્શાવ્યો

ઉના તાલુકાના સમઢીયાળા ગામે દલિત સમાજના યુવાનો પર થયેલા અમાનુષી અત્યાચારી બનાવને ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા સખત શબ્દોમાં વખોડે છે. રાજ્યમાં ભવિષ્યમાં સામાજીક સમરસતાને તોડે તેવા બનાવ ન બનેતેઅંગેસરકારે કાયદાનું ચુસ્ત પાલન કરાવવા યોગ્ય પગલા લેવા સમિતિએ અનુરોધ કર્યો છે.

## ગાંધીનગરના પેન્શનરોને હયાતી પ્રમાણપત્ર તથા આવકવેરા પત્રક ૩૧ જુલાઈ સુધીમાં રજૂ કરવા અપીલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર જિલ્લાના પેન્શનર/ કુટુંબ પેન્શનરોને જણાવવાનું કે, વર્ષમાં મે થી જુલાઈ સમય દરમિયાન હયાતીના ખરાપણા માટે પોતાના બેંક ખાતાની શાખાને પેન્શન ચૂકવણા કચેરીએ મોકલાવેલ વિગત સાથેના પ્રમાણપત્ર પર ૩૧-૭-૧૬ પહેલા પેન્શન બુક સાથે હાજર રહી હજૂ પણ બાકી રહી જતા પેન્શનરો/ કુટુંબ પેન્શનરોને સહી કરી આવવા અનુરોધ કર્યો છે.

અશક્તિને લીધે રૂબરૂ ન જઈ શકનારે સંબંધિત બેંક મેનેજરને તાત્કાલિક વ્યવસ્થાની કાર્યવાહી કરવા જણાવવા તેમજ ઓગષ્ટ માસથી પેન્શન ન મળવાનો પ્રશ્ન ઉભો થાય નહી. સાથે સાથ નાણાંકીય વર્ષમાં ૨,૫૦,૦૦૦ તથા સિનિયર સીટીઝનને ૩,૦૦,૦૦૦ અને ૮૫ વર્ષની પુરી થયેલ ઉંમરના સુધીના પેન્શનર/ કુટુંબ પેન્શનરને ૫,૦૦,૦૦૦ સુધીની આવક કરમુક્ત છે. અને આવકવેરા પત્ર ૩૧-૭-૨૦૧૬ સુધીમાં ભરવાનું ભુલાય નહિ. તેમ ગાંધીનગર જિલ્લા પેન્શનરો સમાજ ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.